Tuesday
15.07.2025
✻Volume :9 ✻ Issue No.04
✻Email.:kamalamgujarat@gmail.com
✻www.kamalamgujarat.com
✻Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM
Daily

✻Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✻Page :04✻Rs. 00.25/- ✻Annual Rs. 90/-

રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.

જુલાઈ -૨૦૨૫ માસમાં રાજ્ય સરકારની તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની અગત્યની જાણકારી.

ક્રમ	આવરણ ચીજવસ્તુ	કેટેગરી	મળવાપાત્ર જથ્થો	ભાવ પ્રતિ કિ.ગ્રા.
૧	તુવેર દાળ	N.F.S.A. કુટુંબો	કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા.	૫૦
૨	ચણા	N.F.S.A. કુટુંબો	કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા.	૩૦
૩	ખાંડ	અંત્યોદય કુટુંબો	૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા.	૧૫
			૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા.	
૪		બીપીએલ કુટુંબો	વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા.	૨૨
૫	મીઠું	N.F.S.A. કુટુંબો	કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા.	૧

જુલાઈ -૨૦૨૫ માસનું વિતરણ તારીખ ૩૧/૦૭/૨૦૨૫ સુધી ચાલુ રહેશે.

શ્રી કુંવરજીભાઈ બાવળીયા

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઇન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૮૫
તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે

કમલમ્
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

જીવેત શરદઃ શતમ્

માર્ગદર્શક, સરળ વ્યક્તિત્વ,
જેમનું જીવન સતત પ્રેરણા સ્રોત છે
તેવા મુખ્યમંત્રી શ્રી



ભૂપેન્દ્રભાઈ પટેલ

ને જન્મદિવસ પર વંદન સહ
"કમલમ્" દૈનિક-અખબાર વતી

જન્મ દિવસની સ્નેહસભર શુભકામનાઓ

@kamalam_gujarat
kamalamgujarat
kamalamgujarat@gmail.com
www.kamalamgujarat.com

મહેશ એન. પટેલ
કમલમ્ તંત્રી (મો.૯૮૨૪૯ ૧૦૬૦૬)
"કમલમ્" દૈનિક-અખબાર

આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલના હસ્તે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં વિવિધ આરોગ્યલક્ષી પ્રકલ્પો નું ઉદ્ઘાટન

હવે સિવિલ હોસ્પિટલમાં કુલ 4 CT scan મશીન કાર્યરત બન્યા

સિવિલ ટ્રોમા સેન્ટર તથા ૧૨૦૦ બેડ ખાતે સીટી સ્કેન મશીન, OPD બિલ્ડિંગ ખાતે અદ્યતન સુવિધાયુક્ત વેઇટિંગ એરીયા, સિવિલ રજીસ્ટ્રેશન ડેસ્ક, ફાર્મસી કાઉન્ટર જેવા કરોડોના ખર્ચે નવનિર્મિત વિવિધ પ્રકલ્પોનું ઉદ્ઘાટન કરતા આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

મંત્રી શ્રી ઋષિકેશ પટેલે મહિલા અને બાળ રોગની ૧૨૦૦ બેડ હોસ્પિટલની સામે "ચાલો રમીએ" કિડ્સ ગાર્ડન બાળકો માટે ખુલ્લું મુક્યું

કમલમ્,

અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે ટ્રોમા સેન્ટરમાં CT સ્કેન મશીન, OPD બિલ્ડિંગમાંનવું રજીસ્ટ્રેશન કાઉન્ટર, ફાર્મસી કાઉન્ટર, ૧૨૦૦ બેડ હોસ્પિટલ ખાતે બાળકો માટે નો બગીચો "ચાલો રમીએ"નું ઉદ્ઘાટન, તથા ૧૨૦૦ બેડમાં CT સ્કેન મશીનનું ઉદ્ઘાટન કર્યું હતું.આરોગ્ય મંત્રીશ્રીકેશભાઈ પટેલે હોસ્પિટલના વિવિધ વિભાગની મુલાકાત લીધી હતી તથા ૧૨૦૦ બેડ ખાતે આયોજિત વિભાગના વિવિધ ડોક્ટરો સાથેની બેઠકમાંસુહભાગી થયાહતા. અત્રે ઉલ્લેખનીય છે કે, સિવિલ હોસ્પિટલ, અમદાવાદના ટ્રોમા સેન્ટર ખાતેઈમરજન્સીમાં સારવાર માટે આવતા દર્દીઓને તાત્કાલિક રેડીયોલોજીકલ સેવાઓ મળી રહે તે માટે ટ્રોમા સેન્ટર ગ્રાઉન્ડ ફ્લોરનાં ઈન્ફ્રાસ્ટ્રકચરમાં જરૂરી સુધારા વધારા કરી ૧૨૮ સ્લાઈડ્સનું સીટી સ્કેન મશીન પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે. આ મશીન GMSCL દ્વારાસપ્લાય કરવામાં આવેલછે, જેનીકિંમત રૂ. ૬.૧૫ કરોડ છે.સિવિલ હોસ્પિટલમાં ઈમરજન્સીમાં આવતા દર્દીઓને સીટી સ્કેન કરાવવાની જરૂરિયાત ઉદ્ભવે તો ટ્રોમા સેન્ટરમાં જ ઝડપથી થઈ શકશે. આમ કુલ ૦૪ સીટી સ્કેન મશીનની ઉપલબ્ધતાથી હાલમાં રોજ આશરે ૫૦ દર્દીઓના સીટી સ્કેન થાય છે, જેના બદલે હવેથી અંદાજીતરોજના ૧૦૦ દર્દીઓના સીટી સ્કેન સરળતાથી થઈ શકશે. સાથેજ વેઈટીંગ લીસ્ટમાં પણ ઘટાડો થશે. સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે આવેલ જુની ઓર્થોપેડીક વિભાગની ઓપીડીની જગ્યા નાની હોવાથી અને આશરે રોજના ૪૦૦ જેટલા દર્દીઓ સારવાર માટે આવતા હોવાથી તથા તેનાથી ઓર્થોપેડીક વિભાગની ઓપીડી સતત ભીડભાડવાળી રહેતી હોવાથીતેના ઈન્ફ્રાસ્ટ્રકચરમાં જરૂરીસુધારા વધારા કરી સારવાર માટે આવતા દર્દીઓ વધુમાં વધુ તબીબી સેવાઓનો લાભ લઈ શકે તે માટે આશરે ૭૫ દર્દીઓથી વધુ બેસીશકે તેવીવાતાનુકુલીન વેઈટીંગ એરીયાની વ્યવસ્થા સાથે સાથે પીવાના પાણીની વ્યવસ્થા, મેલ/ફીમેલઅને હેન્ડીકેપમાટે ટોઈલેટ બ્લોકની વ્યવસ્થાકરવામાં આવેલ છે. આ સાથે દર્દીઓ સ્ટ્રેચર કે વ્હીલચેરમાં આવતા હોવાથી આવવાજવા માટેપહોળા પેસેજની વ્યવસ્થાકરવામાં આવેલછે. આમ ઓર્થોપેડીક ઓપીડીમાં રીનોવેશન બાદ સારવાર માટે આવતા દર્દીઓને ઝડપી અને સારી ગુણવત્તા વાળી તબીબી સેવાઓનો લાભલઈ શકશે.સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે જુની ઓપીડી બીલ્ડીંગમાં મેડીસીન, સર્જરી, ઓર્થોપેડીક, સ્કીન, સાઈક્યાટ્રીક અને પલ્મોનરી મેડીસીન વિભાગ ની ઓપીડી તથા આર.એમ.ઓ ઓફિસ કાર્યરતછે. આજુદા જુદા વિભાગોમાં સારવાર હેતુ રોજના આશરે ૨૨૦૦ દર્દીઓ તેમજ તેમના સગાઓ આવતા હોય છે. દર્દીઓ તેમજ તેમના સગાઓની સુવિધામાં વધારા હેતુ અલાયદી કેસ બારી અને દવા બારી બનાવવામાં આવી છે. જે સંપૂર્ણ વાતાનુકુલીન છે. કેસ બારીના વેઈટીંગ એરીયામાં આશરે ૭૫ દર્દીઓથી વધુ બેસી શકે તે માટેની બેઠક વ્યવસ્થા, જેમાં પીવાના પાણીની વ્યવસ્થા,હેન્ડીકેપ ટોઈલેટ બ્લોક, મેલ/ફીમેલ ટોઈલેટ બ્લોકની વ્યવસ્થાકરવામાં આવીછે. એ જ રીતે દવા બારીના વેઈટીંગ એરીયામાં આશરે ૩૦ વ્યક્તિઓથી વધુ બેસી શકે તેવી બેઠક વ્યવસ્થા,કુલ ૧૧દવાબારી જેમાં સ્ત્રીઓ અને પુરુષો માટે અલગ અલગ દવા બારી, PMJAY લાભાર્થી માટે અલાયદી દવા બારીની વ્યવસ્થા, સિનિયર સીટીઝન અને વિકલાંગ વ્યક્તિઓમાટે અલગદવા બારીની વ્યવસ્થાકરવામાં આવેલછે. આમ કેસ બારી અને દવા બારીની અલાયદી વ્યવસ્થાથી દર્દીઓ ઓછા સમયમાં સારી તબીબી સેવાઓ મેળવી શકશે. આ સાથે જ સિવિલ હોસ્પિટલ ૧૨૦૦ બેડ વુમનચાઈલ્ડઅને સુપરસ્પેશ્યાલીટી હોસ્પિટલ પરિસરમાંબાળકો માટે "ચાલો રમીએ" નામના થેરાપ્યુટિક ગાર્ડનનું લોકાર્પણ કરવામાં આવ્યું છે, આ ગાર્ડનમાં બાળકોના ભાવનાત્મક અને માનસિક સુખાકારીને સહારો આપવા માટે બનાવવામાં આવેલ છે. સ્વ. ઉર્વશીબેન શંકરલાલ પટેલ(ગામ-પીજ)નાસ્મરણાર્થેશ્રી નરેન્દ્રભાઈ શંકરલાલપટેલ, નિરમા રોટરી કલ્બ ઓફ કાંકરીયા, અમદાવાદ અને પાયલબેન કુકરાણી, નરોડા વિધાનસભા, ધારાસભ્યશ્રીના અનુદાનથી આ "ચાલોરમીએ" ગાર્ડન બનાવવામાં આવેલ છે. આ નવતર પહેલ બાળકોમાં જુદી જુદી રમત દ્વારા સજાગતઅનેપુનઃપ્રાપ્તિ(રીહેબિલિટેશન) માટે અનુકૂળ વાતાવરણ પૂરુ પાડે છે. "ચાલો રમીએ" બાળક સંભાળની સમગ્ર દૃષ્ટિકોણ પ્રત્યે હોસ્પિટલની પ્રતિબદ્ધતાનેદર્શાવેછે – જે માત્રશારીરિક સ્વાસ્થ્ય પૂરતું નહીં,પરંતુ બાળકનામાનસિકઅને ભાવનાત્મક સ્વાસ્થ્યને પણ મહત્વ આપેછે. પાવરગ્રિડકોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડની સીએસઆર પહેલ હેઠળ ૧૨૦૦બેડસિવિલ હોસ્પિટલ ખાતે ૧૨૮ સ્લાઈડ્સ સીટી સ્કેન મશીન લગભગ ૭ કરોડ રૂપિયાના ખર્ચે સમર્પિત કરવામાં આવ્યું હતું. પાવર ગ્રેડના આ ઉત્કૃષ્ટ કાર્યથી સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં સારવાર માટે આવતા દર્દીઓને આદ્યતન સીટી સ્કેનની સેવાનો લાભ મળી રહેશે. આ કાર્યક્રમમાં અમદાવાદ પશ્ચિમ લોકસભાના સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, અસારવાના ધારાસભ્ય શ્રીમતી દર્શનાબેન વાઘેલા, નરોડા ના ધારાસભ્ય ડૉ. પાયલબેન કુકરાની, અમદાવાદ સિવિલ મેડિકેલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષી, સિવિલ મેડિસીટીની વિવિધ હોસ્પિટલનાડાયરેક્ટર તથા વિવિધ ડોક્ટરશ્રીઓ, નર્સિસ તથા અન્ય સ્ટાફઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

પેસેન્જર કોચમાં સીસીટીવી કેમેરા લગાવવાના પ્રાયોગિક પરિણામના આધારે, રેલવેએ તમામ કોચમાં સીસીટીવી કેમેરા લગાવવાનો નિર્ણય લીધો છે. આ પગલાથી મુસાફરોની સુરક્ષામાં નોંધપાત્ર સુધારો થશે. બદમાશો અને સંગઠિત ગેંગભોળા મુસાફરોનો લાભ લે છે. કેમેરાથી આવી ઘટનાઓમાં નોંધપાત્ર ઘટાડો થશે. મુસાફરોની ગોપનીયતા જાળવવા માટે, દરવાજા નજીકના સામાન્ય અવરજવર વિસ્તારમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે. કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ અને કેન્દ્રીય રેલવે રાજ્યમંત્રી શ્રી રવનીત સિંહ બિટ્ટુએ લોકોમોટિવ અને કોચમાં સીસીટીવી કેમેરા લગાવવાની પ્રગતિની સમીક્ષા કરી. શનિવાર ૧૨ જુલાઈ, ૨૦૨૫ના રોજ યોજાયેલી બેઠકમાં રેલવે બોર્ડના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

૩૬૦-ડિગ્રી વ્યાપક કવરેજ

રેલવે અધિકારીઓએ માહિતી આપી હતી કે ઉત્તર રેલવેના લોકોમોટિવ એન્જિન અને કોચમાં સફળ પરીક્ષણો કરવામાં આવ્યા છે. કેન્દ્રીય રેલવે મંત્રીએ તમામ ૭૪,૦૦૦ કોચ અને ૧૫,૦૦૦ લોકોમોટિવમાં સીસીટીવી કેમેરા લગાવવા માટે મંજૂરી આપી હતી. દરેક રેલવે કોચમાં ૪ ડોમ પ્રકારના સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે - દરેક પ્રવેશદ્વારમાં ૨ અને દરેક લોકોમોટિવમાં ૬ સીસીટીવી કેમેરા હશે. આમાં લોકોમોટિવની આગળ, પાછળ અને બંને બાજુ ૧ કેમેરાનો સમાવેશ થશે. લોકોમોટિવની દરેક કેબ (આગળ અને પાછળ) ૧ ડોમ સીસીટીવી કેમેરા અને ૨ ડેસ્ક માઉન્ટેડ માઇક્રોફોન લગાવવામાં આવશે.

આધુનિક સમસ્યાઓ માટે આધુનિક દેખરેખ

અધિકારીઓએ શેર કર્યું કે સીસીટીવી કેમેરામાં નવીનતમ વિશિષ્ટતાઓ હશે અને તે STQC પ્રમાણિત હશે. કેન્દ્રીય રેલવે મંત્રીએ શ્રેષ્ઠ-ઈન-ક્લાસ ઉપકરણો તૈનાત કરવા પર ભાર મૂક્યો. તેમણે રેલવે અધિકારીઓને વિનંતી કરી કે ૧૦૦ કિમી પ્રતિ કલાકથી વધુ ઝડપે દોડતી અને ઓછા પ્રકાશની સ્થિતિમાં પણ ઉચ્ચ ગુણવત્તાવાળા ફૂટેજ ઉપલબ્ધ હોવા જોઈએ. કેન્દ્રીય રેલવે મંત્રીએ અધિકારીઓને ઇન્ડિયા એઆઈ મિશન સાથે સહયોગમાં સીસીટીવી કેમેરા દ્વારા કેપ્ચર કરાયેલા ડેટા પર એઆઈના ઉપયોગની શોધ કરવા પ્રોત્સાહિત કર્યા.

મૂળમાં ડેટા ગોપનીયતા

કોચના સામાન્ય હિલચાલ વાળા વિસ્તારોમાં કેમેરા ફીટ કરવાનો હેતુ મુસાફરોની સલામતી અને સુરક્ષામાં સુધારો કરવાનો છે. ગોપનીયતા જાળવી રાખતી વખતે, આ કેમેરા ગુનેગારોને ઓળખવામાં મદદ કરશે. ભારતીય રેલવેના આધુનિકીકરણના પ્રયાસો સલામત, સુરક્ષિત અને મુસાફરો-મૈત્રીપૂર્ણ મુસાફરી અનુભવ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ ભારતમાલા હાઈવે ક્ષતિગ્રસ્ત મામલે તપાસ શરૂ કરાઈ

સાંતલપુર તાલુકાના બકુત્રા નજીક ટોલ ટેક્સ પાસે શ્રી વેંકટરમને રોડનું નિરીક્ષણ કરી સેમ્પલ લીધા

વાહનચાલકોને સુવિધાજનક પરિવહનની ખાત્રી આપતા NHAI ના સભ્ય શ્રી વેંકટરમન

કમલમ્,
તાજેતરમાં ભારે વરસાદને કારણે ક્ષતિગ્રસ્ત થયેલા રોડ-રસ્તાના ઝડપી રિપેરિંગ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા દિશાનિર્દેશો આપવામાં આવ્યા હતા. તેમજ સમગ્ર રાજ્યમાં નાગરિકોને રોડ રસ્તાની સુવિધા મળી રહે એ માટે રાજ્ય સરકારે વહીવટીતંત્રને ખાસ પગલાં લેવાની સૂચના સાથે રોડ રસ્તા, બ્રિજનું સ્થળ નિરીક્ષણ કરી અહેવાલ સોંપવા આદેશ કર્યો છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના માર્ગોનું પણ સ્થળ નિરીક્ષણ કરી તપાસ કરવાનો આદેશ કરાયો છે. જે અંતર્ગત નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિય સંચાલિત ભારત માલા હાઈવે પર રાજસ્થાનના સાંચોરથી પાટણ જિલ્લાના સાંતલપુર સુધીના ૧૩૫ કિમી પૈકીનો ૧.૩૫ કિમી હાઈવે માર્ગ ક્ષતિગ્રસ્ત થતાં આજરોજ નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સભ્ય શ્રી વેંકટરમને સાંતલપુર તાલુકાના બકુત્રા નજીક ટોલ ટેકસ પાસે હાઈવે માર્ગનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (દિલ્હી)ના સભ્ય શ્રી વેંકટરમને જિલ્લા કલેક્ટર શ્રી તુષાર ભટ્ટ સાથે પાટણ જિલ્લામાંથી પસાર થતા ભારત માલા હાઈવેનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું. સાંતલપુર તાલુકાના બકુત્રા નજીક ટોલ ટેકસ પાસે શ્રી વેંકટરમને રોડનું નિરીક્ષણ કરી સેમ્પલ લીધા હતા, તેમજ સેમ્પલની ગુણવત્તામાં ક્ષતિ માલુમ પડશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, એમ જણાવી નાગરિકો અને વાહનચાલકોને પડી રહેલી અસુવિધા મામલે શ્રી વેંકટરમને ખેદ વ્યક્ત કરી સત્વરે સુવિધાજનક પરિવહનની ખાત્રી આપી હતી. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સભ્ય શ્રી વેંકટરમને જણાવ્યું કે ભારત માલા પ્રોજેક્ટ સાંચોરથી સાંતલપુર માર્ગ પર ઝોન ૪ના હાઈવે માર્ગ પર ખાડા પડવાની અને રોડ ક્ષતિગ્રસ્ત થયો હોવાનું માલુમ પડતાં સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું છે. રોડનું કામ કરનાર જવાબદાર કોન્ટ્રાક્ટરને નોટિસ આપવામાં આવી છે. રોડના સેમ્પલ લેવામાં આવ્યા છે, તેની ચકાસણી કરવામાં આવશે અને તેમાં ગુણવત્તામાં કચાશ માલુમ પડશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. રોડ પર ખાડા પડવા મામલે તેમણે ગુજરાતના વાહનચાલકો અને નાગરિકો સમક્ષ ખેદ વ્યક્ત કરી સુવિધાયુક્ત અને આરામદાયક પરિવહનની ખાતરી આપી હતી. વધુમાં તેમણે રોડની કામગીરી માટે નવિન મશીનરી અને મેન પાવર સપ્લાય કરવામાં આવી છે તેમ જણાવી વરસાદી વાતાવરણ નહિ હોય તો ટૂંક સમયમાં રોડની મરામત અને સમારકામની કામગીરી પૂર્ણ કરવામાં આવશે તેમ કહ્યું હતું. પાટણ જિલ્લા કલેક્ટર શ્રી તુષારકુમાર ભટ્ટે જણાવ્યું કે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના સમન્વયથી નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના માર્ગોનું નિરીક્ષણ કરવામાં આવ્યું છે. રાજ્ય સરકાર રોડ રસ્તાની સુવિધાપૂર્વવત કરવા માટે કટિબદ્ધ છે. ભારત માલા રોડ ક્ષતિગ્રસ્ત થવા મામલે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સભ્ય શ્રી વેંકટરમને ખૂબ ઊંડાણપૂર્વક તપાસ કરી છે. કોન્ટ્રાક્ટર સામે પગલાં લીધાં છે. રોડના પ્રશ્નોના નિરાકરણની ખાત્રી આપી છે. વધુ માણસો કામે લગાડવામાં આવ્યા છે. ટૂંક સમયમાં આ સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવશે.

ભારતમાલા હાઇવે ક્ષતિગ્રસ્ત થવા મામલે NHAI ની ઊંડાણપૂર્વક તપાસ : કલેક્ટર શ્રી તુષાર ભટ્ટ

ભારતમાલા હાઈવે નિરીક્ષણ અંતર્ગત નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના રિજિયોનલ ઓફિસર શ્રી સુનીલ યાદવ, રાધનપુર પ્રાંત અધિકારીશ્રી, માર્ગ મકાન વિભાગ પાટણ (રાજ્ય)ના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશને સુરત શહેરમાં મેટ્રોને સમાંતર માર્ગોનું ઝડપી સમારકામ હાથ ધર્યું

૭,૬૧૫ સ્ક્વેર મીટર વિસ્તારમાં પુરાણ અને સમારકામ કરી રોડ પરથી ૪૭૭ ખાડા દૂર કરાયા – ૯૪% કાર્ય પૂર્ણ



કમલમ્,
મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વરસાદને કારણે ક્ષતિગ્રસ્ત થયેલા રોડ-રસ્તાઓના ઝડપી સમારકામ માટે સ્પષ્ટ દિશાનિર્દેશો આપ્યા બાદ રાજ્યભરમાં રોડ-રસ્તા સમારકામની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે. રાજ્યમાં ગ્રામીણ અને શહેરી રોડ તેમજ સ્ટેટ હાઈવે તથા નેશનલ હાઈવેનું સમારકામ પણ ઝડપભેર થઈ રહ્યું છે. રાજ્યના અન્ય શહેરોની જેમ સુરત શહેરમાં પણ વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા રોડ-રસ્તાના રિપેરિંગની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. સુરતમાં મેટ્રો ટ્રેન રૂટને સમાંતર આવેલા રોડ રસ્તાઓમાં જ્યાં વરસાદી પાણીથી નુકસાન થયું છે તે દરેક જગ્યાએ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) દ્વારા રોડ મેન્ટેનન્સ અને રિપેરિંગ કામ હાથ ધરવામાં આવ્યું છે. પ્રોજેક્ટ ડિરેક્ટર શ્રી એ. એસ. બિસ્તના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં સુરતમાં મેટ્રો ટ્રેન રૂટને સમાંતર આવેલા રોડ-રસ્તાઓ પરના ૪૭૭ ખાડાઓ પૂરી દેવામાં આવ્યા છે. લગભગ ૭,૬૧૫ સ્ક્વેર મીટર વિસ્તારમાં પુરાણ અને સમારકામ કરીને આખાડાઓ દૂર કરવામાં આવ્યા છે. મેટ્રો રૂટ અંતર્ગત આવતા જમીની માર્ગો પરથી ખાડા દૂર કરવાનું ૯૪% જેટલું કામ પૂરું કરી દેવામાં આવ્યું છે, એવું તેમણે ઉમેર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે મેટ્રો રૂટને સમાંતર અઢી કિલોમીટર જેટલા રસ્તા પર રોડને રિસર્ફેસ કરવામાં આવ્યા છે. હોટ મિક્સ અને પેવર ફિનિશરના ઉપયોગથી આ રસ્તાનું રિસર્ફેસિંગ કરાયું છે. તેમણે ઉમેર્યું કે મેટ્રો રૂટને સમાંતર માર્ગો પર દિવસે વાહનોનો ટ્રાફિક હોવાને કારણે રસ્તાનું સમારકામ માત્ર રાતે કરવામાં આવે છે. બાકીનું કામ આગામી ચાર દિવસમાં પૂરું થઈ જશે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા માર્ગોનું ઝડપી સમારકામ અને રિસર્ફેસિંગની કામગીરીથી સુરત શહેરના માર્ગો વધુ સલામત અને સુગમ બન્યા છે. વરસાદ દરમિયાન વાહન વ્યવહાર પણ સરળ બની રહેશે. મેટ્રો પ્રોજેક્ટના નિર્માણકાર્ય દરમિયાન માર્ગો પર થયેલા ઘસારા કે નુકસાનને પહોંચી વળવા માટે GMRC રોડ રિપેરિંગની પ્રક્રિયા સતત કરે છે, આ ઉપરાંત વરસાદી પાણીને કારણે થયેલા ખાડા દૂર કરવાનું અને ધોવાઈ ગયેલા રોડ રસ્તાને રિપેર કરવાનું કામ પણ GMRC યુદ્ધના ધોરણે કરી રહ્યું છે. GMRC ની આ પ્રતિબદ્ધતા સુરતને વધુ આધુનિક અને લીવેબલ શહેર બનાવવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહી છે.

ટેકવોન્ડો ઈન્ડિયા ઓપન નેશનલ ચેમ્પિયનશિપમાં ગાંધીનગરના યુવા ખેલાડીનું ઉત્કૃષ્ટ પ્રદર્શન

કમલમ્,
તાજેતરમાં મધ્યપ્રદેશ, ઈન્દોર ખાતે ટેકવોન્ડો ઈન્ડિયા દ્વારા ટેક્વોન્ડો ઈન્ડિયા ઓપન નેશનલ ચેમ્પિયનશિપ ૨૦૨૫ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરના યુવા ખેલાડી મિલાપ ટાટારિઆ ટાઇગરે સિનિયર કેટેગરીમાં ગુજરાત ટીમ તરફથી રમીને બ્રોન્ઝ મેડલ વિજેતા થઈ ગાંધીનગર શહેર અને ગુજરાત રાજ્યનું નામ રોશન કર્યું હતું તથા નેશનલ રેફરીમાં ગુજરાત રાજ્ય અને ગાંધીનગર શહેરના એકમાત્ર મિલાપ ટાટારિઆ ટાઇગરની પસંદગી કરવામાં આવી હતી અને આયોજક દ્વારા ટ્રોફી આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

મોરબી મહાનગરપાલિકાએ શહેરના લાતી પ્લોટ વિસ્તારમાં રસ્તાના સમારકામ તથા પાણી નિકાલ માટે કમર કસી

કમલમ્,મોરબી,
રાજ્યમાં પુલો, રસ્તા અને વરસાદી માહોલના લીધે અસર પામેલા માર્ગોના સમારકામને લાગતું ખાસ અભિયાન માનનીય મુખ્યમંત્રીશ્રીના દિશાનિર્દેશો અને માર્ગદર્શનમાં અમલી બનાવવામાં આવ્યું છે. જેના ભાગરૂપે મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોની સાથે લાતી પ્લોટ વિસ્તારની પાણી ભરાવવાની તથા ખરાબ રસ્તાની સમસ્યાના નિરાકરણ માટે કમર કસી છે. રાજ્ય સરકારના માર્ગ સમારકામ અભિયાનની સાથે મોરબી જિલ્લામાં પણ વિવિધ માર્ગોનું સમારકામ કરવામાં આવી રહ્યું છે. મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરી વિસ્તારમાં વિવિધ રોડ રસ્તાના સમારકામ તથા પાણી નિકાલ માટેની વ્યવસ્થા સહિતની કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે મોરબીના લાતી પ્લોટ વિસ્તારમાં મહાનગરપાલિકાએ શેરી નંબર સાતમાં રોડને વાહન વ્યવહાર યોગ્ય બનાવવા તથા પાણીના નિકાલ માટે રસ્તાનું લેવલિંગ કરવામાં આવ્યું છે તથા મેટલ અને કપચી પાથરી રસ્તાનું યોગ્ય સમારકામ કરવામાં આવ્યુ છે. ઉપરાંત મહાનગરપાલિકા દ્વારા શહેરમાં વિવિધ સ્થળોએ ગટર ઉભરાવાની સમસ્યાના નિરાકરણ માટે અત્યાધુનિક રોબોટ મશીનરી સાથે યોગ્ય કામગીરી કરવામાં આવી રહી છે.

સ્પેક, ફાર્મસીમાં રમતગમત સેલ અંતર્ગત "આંતરવર્ગીય ચેસ સ્પર્ધા" નું આયોજન કરાયું

કમલમ્,
તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ ફાર્મસીના રમતગમત સેલ અંતર્ગત "આંતરવર્ગીય ચેસ સ્પર્ધા" નું આયોજન કરાયું. આ ઇવેન્ટના સફળ આયોજનમાં કેમ્પસ સ્પોર્ટ્સ કોઓર્ડિનેટર શ્રી પરેશ યાદવ તેમજ સ્પોર્ટ્સ શિક્ષકો નિકિતા ભંડારી અને શ્રી રાહુલ સિંહનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું. તમામ વર્ગોના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાનું વ્યૂહાત્મક વિચરણ, વિવેકસભર નિર્ણયો અને તાકાતદાર સ્મૃતિ કૌશલ્ય દર્શાવ્યું હતું. ચેસ ટુર્નામેન્ટે માત્ર તાત્વિક સ્પર્ધાની તક જ નહીં, પરંતુ પરસ્પર મિત્રતા અને હેલ્ધી હરીફાઈ માટેનું મંચ પૂરું પાડ્યું. સ્પર્ધામાં મહેશ્વરી પ્રેમીલાએ ગર્લ્સ કેટેગરીમાં તથા શુભમ સુખડિયાએ બોયઝ કેટેગરીમાં વિજય મેળવ્યો હતો. આ પ્રોગ્રામને સફળ બનાવવા માટે સ્પોર્ટ્સ કોઓર્ડિનેટર નિર્મલ જારીયા તથા જાનવી ચૌહાણ, આઈ.ક્યૂ.એ.સી કોઓર્ડિનેટર ડૉ. રાહીલ ભૂરા તથા આચાર્યશ્રી ડૉ. ધવલ પટેલએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. આ આયોજન કરવા બદલ સંસ્થાનાં ચેરમેન શ્રી ગિરીશ પટેલ, સેક્રેટરી શ્રી શીતલ પટેલ તેમજ ટ્રસ્ટીશ્રીઓ જૈમિન પટેલ, ધર્મેશ પટેલ, વિકાસ પટેલ, બ્રિજેશ પટેલ, ભાવિન પટેલ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

કમલમ્,
શ્રી એમ. એલ. ગાંધી સંચાલીત સર પી. ટી. સાયન્સ કોલેજ મોડાસા અરવલ્લી ના રસાયણ શાસ્ત્રના અધ્યાપક ડૉ. મનોજ ગોંગીવાલા દ્વારા નવી શીણોલ શાળામા એક હજાર નાના પેકેટ્સ ગ્લુકો બિસ્કીટસ તેમજ વૃક્ષો નું વિતરણ કર્યું. અધ્યાપકે ચૈત્રી નવરાત્રી ૨૦૨૩ થી અત્યાર સુધીમાં ચાલીસ લાખ બિસ્કીટસ જરૂરિયાત વાળા બાળકો માટે ગણવેશ, વૃક્ષો નું સમર્પણ પોતાના સમયે સ્વખર્ચે અવિરત સેવારત છે.

કમલમ્,
ભારતના માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીને પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધાલયની ભગિની સંસ્થા રાજયોગ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન ની ટ્રાન્સપોર્ટ એન્ડ ટ્રાવેલ વિંગની સિલ્વર જયુબિલી તળે વિંગના ચેરપર્સન બી.કે. દિવ્ય પ્રભાબેન (મુંબઈ), વાઈસ ચેરપર્સન બી.કે. સુરેશભાઈ શર્મા (મુખ્યાલય આબુ), નેશનલ કો- ઓર્ડીનેટર બી.કે. કવિતાબેન (મુંબઈ) ની આગેવાની તળે બ્રહ્માકુમારીઝ ડેલિગેશન ની વિશેષ મુલાકાત થયેલ. જેમાં વિંગ તરફથી કેન્દ્ર અને રાજ્ય સરકારો - ટ્રાન્સપોર્ટ મંત્રાલયો, ઓલ ઈન્ડિયા ટ્રાન્સપોર્ટર્સ, ટુરિસ્ટ ઓપરેટર્સ, ટ્રાફિક પોલીસ, હોસ્પિટલો, બ્લડ બેંકો, સામાજિક સેવાઓના સ્વયંસેવકો વગેરે સાથે સંકલન કરી સુરક્ષિત ભારતના નિર્માણ માટે માર્ગ સલામતી અને આધ્યાત્મિક મૂલ્યોનું નિર્માણ બાબતે વિંગ દ્વારા છેલ્લા ૨૫ વર્ષથી થઈ રહેલ આધ્યાત્મિક સેવા કાર્યો નું બ્રિફિંગ કરવામાં આવેલ.

અમદાવાદ જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય) દ્વારા વિવિધ ૧૮ જેટલા બ્રિજનું નિરીક્ષણ કરાયું

૪૦ અધિકારી-કર્મચારીઓની ટીમ દ્વારા કામગીરી

કમલમ્,
અમદાવાદ જિલ્લામાં વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત માર્ગો અને પુલોનાં સમારકામની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. જે અંતર્ગત અમદાવાદ જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ(રાજ્ય) દ્વારા વિવિધ ૧૮ જેટલા બ્રિજનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેનો રિપોર્ટ આગામી ટૂંક સમયમાં મેળવીને સત્વરે જરૂરી કામગીરી હાથ ધરવામાં આવશે. જ્યારે ધોળકા તાલુકામાં ભોગાવો નદી પરના જૂના બ્રિજમાં ક્ષતિ જણાતાં, વાહનોની અવરજવર માટે આ બ્રિજ બંધ કરી, ટ્રાફિકને નવા બ્રિજ પર ડાયવર્ટ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રીશ્રી દ્વારા નાગરિક જીવનમાં રોજિંદા યાતાયાત માટે અતિમહત્ત્વના એવા રોડ નેટવર્કની તત્કાલ મરામત હાથ ધરવાના અને ક્ષતિગ્રસ્ત માર્ગો અને પુલોના નવીનીકરણ માટેના જરૂરી દિશાનિર્દેશો અને સૂચનાઓ સંબંધિત વિભાગો સહિત તમામ જિલ્લાના વહીવટી તંત્રને આપવામાં આવી છે. અમદાવાદ જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ(રાજ્ય) હસ્તકના ૧૮ જેટલા પુલોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ માટે કાર્યપાલક ઈજનેર શ્રીની અધ્યક્ષતામાં પાંચ નાયબ કાર્યપાલક ઈજનેર, ૧૦ સેક્શન ઓફિસર, ૨૪ વર્ક આસિસ્ટન્ટ સહિત કુલ ૪૦ તાંત્રિક અધિકારીઓ/ કર્મચારીઓ દ્વારા નિરીક્ષણની કામગીરી કરવામાં આવી હતી. જેમાં ક્ષતિગ્રસ્ત જણાતા પુલો અંગે માર્ગ અને મકાન વિભાગના આલેખન વર્તુળ દ્વારા નિયુક્ત અધિકારી/કન્સલ્ટન્ટ જેવા તજજ્ઞ દ્વારા ઝીણવટથી ચકાસણી કરાવી, પુલની સ્થિતિ અનુસાર જરૂરી પરીક્ષણો કરાવવામાં આવ્યાં હતાં. જેના આધારે સામાન્ય વાહન વ્યવહાર માટે પુલ યોગ્ય છે કે કેમ? તે નક્કી કરવાની કામગીરી માર્ગ અને મકાન વિભાગ દ્વારા પ્રગતિ હેઠળ છે. જે અંતર્ગત, ધોળકા તાલુકામાં ભોગાવો નદી પરના જૂના બ્રિજમાં ક્ષતિ જણાતાં, તેના સેમ્પલ લઈ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યાં છે. જેના આધારે બ્રિજની મરામત અથવા પુનઃ કાર્યરત કરવા અંગેનો નિર્ણય લેવામાં આવશે, ત્યાં સુધી બ્રિજને અવરજવર માટે બંધ કરવામાં આવ્યો છે અને નિયમિત ટ્રાફિકને બાજુમાં બનાવેલા નવા બ્રિજ પર ડાયવર્ટ કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, જૂના બ્રિજના પુનઃનિર્માણ માટે પણ દરખાસ્ત તૈયાર કરી જૂન માસમાં મોકલી આપવામાં આવી છે. આ સિવાય, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ તાલુકાવાર ટીમ નિયુક્ત કરી પુલો અવરજવર અર્થે સુરક્ષિત છે, તે સુનિશ્ચિત કરવા તેમજ ગંભીર જણાતા પુલો માટે સત્વરે જરુરી નિવારાત્મક પગલાં લેવા સૂચના આપવામાં આવી છે.

ધોળકા તાલુકામાં ભોગાવો નદી પરના બ્રિજમાં ક્ષતિ જણાતાં જૂનો બ્રિજ અવરજવર માટે બંધ કરી, ટ્રાફિકને નવા બ્રિજ પર ડાયવર્ટ કરાયો

૬૨ વર્ષ જુના હિન્દુસ્તાન બ્રિજનુ ડ્રોન દ્વારા સર્વે કરવામાં આવ્યુ



રાકેશ વાળા

તા,૧૨/૦૭/૨૦૨૫ શનિવારના રોજ સોનગઢના મામલતદાર શ્રીરાકેશભાઈ રાણા તથા એજ્યુકેટીવએન્જિનિયર શ્રીમનોજભાઈ પટેલ દ્વારા સોનગઢ ઉકાઈ રોડ, સિંગલ ખાચ પાસે આવેલહિન્દુસ્તાન બ્રિજ નુ સર્વે કરવામાં આવેલ તથા સ્થળતપાસ કરવામા આવેલ. આ હિન્દુસ્તાન બ્રિજ ૨૭ઓક્ટોબર ૧૯૬૩ના રોજ ગુજરાતના તેસમયના મુખ્યમંત્રી બળવંતરાય મહેતા દ્વારા ઉદ્ઘાટન કરવામા આવ્યુ હતુ. ૬૨ વર્ષ જૂના હિન્દુસ્તાન બ્રિજ નુ ડ્રોન દ્વારા સર્વે કરવામાં આવ્યુ હતુ. આ બ્રિજ ઉપર ભારે વાહનોની અવર-જવર ખૂબ મોટા પ્રમાણમાં છે, ભારે વાહનોની અવર-જવર બંધ કરવામાંઆવે એવું ત્યાંના સ્થાનિક લોકોનું કહેવું છે , જેથી કરીને ભવિષ્યમાં મોટી દુર્ઘટના ન સર્જાય.

કમલમ્,

કડાણા તાલુકાના ધનસુરા ખાતે આણંદ અને વડોદરાને જોડતા ગંભીરા બ્રિજના ૨૩ ગાળા પૈકીનો ૧ ગાળો તૂટી પડવાથી સર્જાયેલી દુર્ઘટના દુ:ખદ છે. દુર્ઘટનામાં જીવ ગુમાવનાર સ્વ.સુખાભાઈ ભગવાનભાઈ વાગડિયાના નિવાસસ્થાને આયોજીત બેસણામાં કેબિનેટ મંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરે હાજરી આપી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા અને તેમનાંપરિવારજનોને સાંત્વનાપાઠવી. આ તકે મહીસાગર જિલ્લા પ્રમુખશ્રી દશરથસિંહ બારીયાસાહેબ અને ગામના વડીલોભાઈઓ અને કાર્યકર્તાઓ હાજર રહ્યાંહતાં.

કમલમ્,

કડાણાતાલુકાના ગામરણકપુર ખાતેશ્રી સ્વ.કાળુભાઈ હીરાભાઈ બારીયા ના નિવાસ સ્થાને આયોજીત બેસણામાં કેબિનેટ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર અને ભારતીય જનતાપાર્ટી જિલ્લાપ્રમુખ દશરથસિંહ બારીયા સાહેબ તેમજ સરપંચશ્રી પોપટભાઈ ડીંડોર અને જાલુભાઈ ડામોર હાજરીઆપી શ્રધ્ધાસુમન અર્પણ કર્યાઅને તેમનાંપરિવારજનોને સાંત્વના પાઠવી. પરમ કૃપાળુ પરમાત્મા સદગતના દિવ્યાત્માને ચિર શાંતિ અર્પે એવીઅંત:કરણથી પ્રાર્થના..

કામરેજ તાલુકાના ખોલવડ અને આંબોલીને જોડતા નેશનલ હાઈવે એન.એચ.-૪૮ પર તાપી નદીના બ્રિજની મુલાકાત લઈ જિલ્લા કલેક્ટર ડૉ.સૌરભ પારઘીએ બ્રિજની એક્સપાન્શન જોઈન્ટની કામગીરીનું નિરીક્ષણ કર્યું

કમલમ્,મયુર પટેલ

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે વડોદરાજિલ્લાના મુજપુર-ગંભીરા પુલ દુર્ઘટનાબાદ રાજ્યના તમામ પુલોની સલામતી ધ્યાને લેતા જાહેરહિતમાં તેનીપુન: તાત્કાલિક ધોરણે સઘન ચકાસણી કરવાની સૂચના આપીહતી, જેના ભાગરૂપે જિલ્લા કલેક્ટર ડૉ.સૌરભ પારધીએ કામરેજ તાલુકાના ખોલવડ અને આંબોલીને જોડતા એન.એચ.-૪૮ પર તાપી નદી પરનાબ્રિજની મુલાકાતલીધી હતી અને બ્રિજનાએક્સપાન્શનજોઈન્ટની સમારકામનીકામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું. બ્રિજ રિપેરિંગની કામગીરીના કારણે બ્રિજ બંધ કરવામાં આવ્યો છે, ત્યારે આ રૂટ પરના ટ્રાફિકને વડોદરા મુંબઈ હાઈવેના કિમ ચાર રસ્તાથી એના સુધીના સેક્શન પર ડાયવર્ટ કરવામાં આવ્યો છે, જે સંદર્ભે નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારીઓસાથે વાહનવ્યવહાર સરળ બને અને વાહનચાલકોને મુશ્કેલી ન પડે એ બાબતે ચર્ચાવિચારણા કરી જરૂરી સૂચના આપીહતી. જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું કે, નેશનલ હાઈવે એન.એચ.-૪૮ પર કામરેજના ખોલવડ અને આંબોલીને જોડતા તાપીબ્રિજનાએક્સપાન્શન જોઈન્ટનું સમારકામની કામગીરી રાઉન્ડ ધ કલોક ચાલીરહી છે.જેથી ભરૂચથી સુરત તરફ ડાબી તરફ જનારા વાહનોને કીમ ચાર રસ્તા પાસે વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વે ના પેકેજ-૬ પર ડાયવર્ટ કરવામાં આવ્યા છે. કીમ તરફથી નવા બનેલા એક્સપ્રેસ વે પર જઈને વાહનચાલકો પલસાણા તાલુકાના એના ગામ પાસેઉતરી અને હાઈવે સુધી જઈ રહ્યા છે. ટ્રાફિક નિયમનની કામગીરી પોલીસ કર્મીઓ દ્વારા કરવામાં આવી રહી છે. બ્રિજનીકામગીરી ૩૦થી ૩૫ દિવસ ચાલનાર હોવાની વિગતો તેમણે આપી હતી. NHAI ના સુરતના પ્રોજેક્ટ ડિરેક્ટર સંજયકુમાર યાદવે તાપી બ્રિજના એક્ષપાન્શન જોઈન્ટની વિગતો આપતા જણાવ્યું હતું કે, કામરેજ તાલુકાના ખોલવડપાસે એન.એચ.-૪૮ પર તાપી નદી પર કુલ ત્રણ બ્રિજ આવેલા છે. જે પૈકી ડાબી તરફના બ્રિજની એક્ષપાન્શન જોઈન્ટનીકામગીરી શરૂ કરાઈ છે. છેલ્લા દોઢ વર્ષથી આ સમારકામ અંગે યોજના બનાવવામાં આવી રહી હતી. કેન્દ્ર અને રાજ્ય સરકારના સંકલિતસહયોગથી હવે આ કામગીરીને ગતિ મળી છે. સમારકામ માટે હાલ બ્રિજ પર વાહનોનીઅવરજવર બંધછે, અને તાત્કાલિક અસરથીસમારકામ શરૂ કરવામાં આવ્યું છે. NHAI ની ટીમ એન્જિનિયરો, મેનપાવર, મશીનરી અને જરૂરી સાધનો સાથે ૨૪ કલાક રાઉન્ડ ધ કલોક કામગીરી કરવામાં આવી રહી છે. અંદાજે ૩૦ થી ૩૫ દિવસમાં તમામ કામ પૂર્ણ કરી પુલને ફરીથી વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકવામાં આવશે.'' મુલાકાતસમયે મામલતદારશ્રી રશ્મિન ઠાકોર, ડી.વાય.એસ.પી. આર.આર. સરવૈયા, NHAI નાઅધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

MSDI અંતર્ગત રાજ્યના વિવિધ વિભાગોના સહયોગથી વર્ષ ૨૦૨૪-૨૫માં ૬.૫૦ લાખથી વધુ યુવાનો કૌશલ્ય તાલીમમાં જોડાયા

રાજ્યમાં યુવાઓને રોજગારલક્ષી તાલીમ આપવા મહિલાઓ માટે ૩૦ અને દિવ્યાંગો માટે ૧૯ સહિત કુલ 558 ITI

- **રાજ્યમાં ૧૯ હજારથી વધુ યુવાઓને ડ્રોન, હેલ્થકેર, ઓટોમેશન, મેન્યુફેક્ચરીંગ, ઈલેક્ટ્રીકલ, આઈ.ટી. જેવા વિવિધ ક્ષેત્રે ટૂંકાગાળાના અભ્યાસક્રમો થકી કૌશલ્યબદ્ધ કરાયા**
- **કૌશલ્ય-ધ સ્કિલ યુનિવર્સિટી દ્વારા યુવાઓમાં સ્કિલ ડેવલપમેન્ટ માટે ઉપયોગી ૧૦૦થી વધુ ઉદ્યોગ આધારિત અભ્યાસક્રમો અમલી**
- **ધોરણ ૧૦ અને ૧૨ના સ્કૂલ ડ્રોપ આઉટ વિદ્યાર્થીઓને કૌશલ્ય તાલીમ આપી આત્મનિર્ભર બનાવવા પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના અમલી**

કમલમ્,

વૈશ્વિક માંગઅને જરૂરિયાત મુજબ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં યુવાનોને કૌશલ્યવાન બનાવી વિકાસપથ પર આગળ વધારવા ગુજરાત હંમેશા અગ્રેસર રહ્યુંછે. વૈશ્વિક સ્તરે ઝડપી ટેક્નોલોજીકલ પ્રગતિ, આર્થિક પરિવર્તન અને વૈશ્વિકરણના પરિણામે યુવાનોને શિક્ષણ તથા રોજગારીની તકોમાં ઉદ્ભવતા પડકારોનોસામનો કરવોપડી રહ્યો હતો.જે અંતર્ગતયુવાઓને જરૂરી કૌશલ્યોથી સજ્જ કરીને રોજગારી મળી રહે તે હેતુથી સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા દર વર્ષે તા. ૧૫, જુલાઈના રોજ 'વિશ્વયુવા કૌશલ્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. ચાલુ વર્ષે "યુવા સશક્તિકરણ માટે ઍI અને ડિજિટલ કૌશલ્યો"ની થીમ સાથે યુવાનોને ઝડપથી બદલાતા શ્રમબજારમાં સ્પર્ધાત્મક બનાવવા માટે 'વિશ્વ યુવા કૌશલ્ય દિવસ' માનવવામાંઆવીરહ્યો છે. શ્રમ કૌશલ્ય વિકાસઅને રોજગાર મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતના નેતૃત્વમાં રાજ્યમાં કૌશલ્ય ઈકોસિસ્ટમને વધુ સુદ્રઢ કરવાના હેતુસર અનેક યોજનાઓનો સુપેરે અમલ કરવામાંઆવી રહ્યોછે. જે અન્વયે મુખ્યમંત્રી સ્કિલ ડેવલપમેન્ટ ઈનીશીએટીવ-MSDI અંતર્ગતરાજ્યનાવિવિધ વિભાગોના સહયોગથી વર્ષ ૨૦૨૪-૨૫માં ૬.૫૦ લાખથી વધુ યુવાનોને કૌશલ્ય તાલીમમાં જોડવામાં આવ્યા છે. આ ઉપરાંત મુખ્ય મંત્રી ભવિષ્યલક્ષી કૌશલ્ય વિકાસયોજના-MBKVY હેઠળ અત્યાર સુધીમાં ૧૯ હજારથી વધુ યુવાઓને ડ્રોન, હેલ્થકેર, ઓટોમેશન જેવા વિવિધ ક્ષેત્રે કૌશલ્યબદ્ધ કરવામાં આવ્યા છે. વધુમાં, મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના-MAY હેઠળ અત્યાર સુધીમાં ૯૧ હજાર કરતાં વધુ તાલીમાર્થીઓ જોડાયાછે. રાજ્યમાં ૨૮૮ સરકારી આઈ.ટી.આઈ., ૧૦૧ ગ્રાન્ટ-ઈન એડ અને ૧૬૯ સેલ્ફ ફાઈનાન્સ એમ કુલ ૫૫૮ આઈ.ટી.આઈ. કાર્યરત છે. જેમાં ૩૦ મહિલા અને ૧૯ દિવ્યાંગો માટેની ખાસ આઈ.ટી.આઈ.નો સમાવેશ થાય છે. આ આઈ.ટીઆઈ.માં કુલ ૨.૧૬ લાખ કરતાં વધુ તાલીમાર્થીઓને કૌશલ્યવર્ધક તાલીમ આપવામાં આવી રહીછે. આઉપરાંત કૌશલ્ય-ધસ્કિલ યુનિવર્સિટીદ્વારા ૧૦૦થી વધુ ઉદ્યોગઆધારિત અભ્યાસક્રમો ચલાવવામાંઆવે છે, જે યુવાઓમાં સ્કિલ ડેવલપમેન્ટ માટે ખૂબ ઉપયોગીનીવડીરહ્યાછે. રાજ્યના વધુમાંવધુયુવાઓને Industry 4.0 નીજરૂરિયાતમુજબનીસ્કિલ આધારિત તાલીમમળી રહે તે માટે 'મેગા આઈ.ટી.આઈ. યોજના' અંતર્ગત ૬ થી ૮જેટલા સેક્ટરોમાં 'સેન્ટર ઓફ એક્સીલન્સ' વિકસિત કરવામાં આવી રહ્યા છે. આઈ.ટી.આઈ.ના સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર્સને પણએડવાન્સ તાલીમ મળી રહે તે માટે રાજ્યમાં Guja®aApex Training Institute-GATI પ્રોજેક્ટ અંતર્ગત 08 Institute for Training of Trainers-iToT સેન્ટર્સ ડેવલપકરવાનુંકાર્ય પ્રગતિમાંછે. આ ઉપરાંત રાજ્યમાં અંતરિયાળ વિસ્તારોના યુવાઓ સુધી કૌશલ્ય વિકાસની તાલીમ પહોંચાડવા "સક્ષમ"-કેવીકે ૨.૦ યોજના, ઉદ્યોગોના કારીગરોના અપસ્કીલીંગથાય તેહતુસર લોકલ ઈન્સ્ટીટ્યુટ ફોર વોકેશનલ એજ્યુકેશન-LIVE યોજનાપણ કાર્યરત છે. આ LIVEયોજનામાં તાલીમાર્થીઓને લઘુત્તમ વેતનના ૫૦ ટકા જેટલુ સ્ટાઈપેન્ડ પ્રોત્સાહન રૂપે DBTના માધ્યમથી ચૂકવવામાં આવે છે. વધુમાં, રાજ્યમાંઉદ્યોગોને પોતાની જરૂરીયાત મુજબ કુશળ કારીગરો મળી રહે અને રાજ્યના યુવાવર્ગને ઉદ્યોગોની માંગ આધારીત કૌશલ્ય તાલીમ મળી રહે તે માટે ''ઉદ્યોગો દ્વારા, ઉદ્યોગો ખાતે, ઉદ્યોગો માટે'' ના કોન્સેપ્ટ આધારિત 'પ્રોજેક્ટ સંકલ્પયોજના' અમલીકૃત છે. વધુમાં દેશભરમાં ધોરણ ૧૦ અને ૧૨ના સ્કૂલ ડ્રોપ આઉટ વિદ્યાર્થીઓને કૌશલ્ય તાલીમ આપી આત્મનિર્ભર બનાવવાના હેતુથી પ્રધાનમંત્રી કૌશલવિકાસ યોજના-PMKVY અમલીછે. આમ વર્ષ ૨૦૨૪-૨૫ માં રાજ્યના ૧૫૦૦૦ જેટલા યુવાનોને આવી વિવિધ પ્રકારની ટૂંકા ગાળાની કૌશલ્ય તાલીમમાં જોડવામાં આવ્યા છે. નોંધનીય છે કે, દેશના યુવાનોને વધુ રોજગારક્ષમ અને ઉત્પાદક બનાવવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા 'સ્કિલ ઈન્ડિયા મિશન'ની શરૂઆતપણ તા. ૧૫, જુલાઈ ૨૦૧૫ના રોજ કરવામાં આવીહતી.વડાપ્રધાનશ્રીનીપ્રેરણાથી શરૂ કરવામાં આવેલાયુવાઓ માટે આશીર્વાદરૂપ એવા 'સ્કિલ ઈન્ડિયા, 'મેક ઈન ઈન્ડિયા' અને 'વિકસિત ભારત @2047'ના મિશનને સાકાર કરવાની દિશામાં ગુજરાતપણસહભાગીબનીને સતત નવા આયામોસર કરીરહ્યું છે.

અમદાવાદ જિલ્લામાં વરસાદથી અસરગ્રસ્ત રસ્તાઓનું યુદ્ધના ધોરણે સમારકામ

ખારી અને મેશ્વો નદી પરના મેજર બ્રિજની વિઝીટ કરી અધિક્ષક ઈજનેર સહિતના અધિકારીઓ અને તાંત્રિક સ્ટાફ દ્વારા બ્રિજના તાંત્રિક પાસાઓનું નિરીક્ષણ કરાયું

માર્ગ અને વિભાગ પંચાયત દ્વારા આજદિન સુધી દસક્રોઈ, ધોળકા, ધંધુકા, ધોલેરા તાલુકાના કુલ-૧૨ રસ્તા પર પેચ વર્કની કામગીરી પૂર્ણ કરાઈ

કમલમ્,

રાજ્યના નાગરિકોને અવરજવરની સુવિધામાંમુશ્કેલી ન પડે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશો મુજબ અમદાવાદ જિલ્લામાં વરસાદથી અસરગ્રસ્ત રસ્તાઓનું યુદ્ધના ધોરણેસમારકામ માર્ગઅને મકાન વિભાગ પંચાયત દ્વારા વેગવંતું બનાવવામાં આવ્યું છે. માર્ગ અને મકાન વિભાગ, પંચાયત અમદાવાદનાં કાર્યક્ષેત્ર હસ્તક આવેલ દસક્રોઈ તાલુકામાં સિંગરવા ભુવાલડી ઝાણું રોડ તથા વાંચ ધામતવણ ઉન્દ્રેલ રોડ પરના મેજર બ્રિજ (ખારી નદી) તથા ચાંદીયેલ રણાદરા ચવલજ થી ભાવડા ઉન્દ્રેલ મામાકાના રોડ (મેશ્વોનદી) પરના મેજર બ્રિજની અધિક્ષક ઈજનેરશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રીતથા અન્ય તાંત્રિક સ્ટાફ દ્વારા વિઝીટ કરી બ્રિજના તાંત્રિક પાસાઓનું નિરિક્ષણ કરવામાં આવ્યું હતુ. આ ઉપરાંત, હાલ ચોમાસામાં વધુ વરસાદના લીધે અનેક રસ્તાઓને નુકશાન થયું છે ત્યારે માર્ગ અને મકાન વિભાગ, પંચાયત દ્વારા અમદાવાદ જિલ્લા હસ્તકના દરેક તાલુકાના રસ્તાઓ પર થયેલ નુકશાનીનો સર્વે કરી, નાગરિકોને અગવડ ન પડે તે માટે આ રસ્તાઓ તાત્કાલિક યુદ્ધના ધોરણે રીપેર કરવા તાંત્રિક સ્ટાફ સતતકામગીરીકરવામાંઆવી રહી છે. અમદાવાદ માર્ગ અને વિભાગ પંચાયત દ્વારા આજદિન સુધી દસક્રોઈ, ધોળકા, ધંધુકા, ધોલેરા તાલુકાનાસર્વેકરાયેલ રસ્તાઓ પૈકી કુલ-૧૨ રસ્તા પર પેચ વર્કની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ કામગીરી જેસીબી, ડમ્પર, ટ્રેક્ટરનો ઉપયોગ કરીમજુરો દ્વારા સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. તેમજ તાલુકાઓના અન્ય રસ્તાઓમાં પેચવર્કઅને જંગલ કટિંગ વગેરેની કામગીરી પૂરજોશમાંચાલુ છે.

નવસારી મહાનગરપાલિકા Comprehensive Complaint Redressal System અનુસરીને નાગરિકોને જનસુવિધા આપી રહી છે હવે વધુ સરળતાથી અને ઝડપથી

ટેક્નોલોજી જેવી કે વોટસએપ અને કનેક્ટ મોબાઈલ એપથી ચોમાસા દરમિયાન રસ્તા રિપેર જેવી સમસ્યાઓનું જનભાગીદારીથી ત્વરિત નિરાકરણ થાય છે



કમલમ્,

પ્રવર્તમાન ચોમાસાની ઋતુમાં રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદને કારણે અનેક રસ્તાઓ- પુલ ક્ષતિગ્રસ્ત બન્યા છે. આ રસ્તા- પુલનું તાત્કાલિક ધોરણે સમારકામ કરવા મુખ્ય મંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના દિશા -દર્શનમાં માર્ગ અને મકાન વિભાગ, નગરપાલિકા અને મહાનગરપાલિકાઓને કડક સૂચના આપી છે. જે અનુસંધાને હાલમાં રોડરસ્તા રિપેર, ચકાસણી તથા અન્ય ગુણવત્તાવર્ધક કામગીરીઓ રાજ્યભરમાં યુદ્ધના ધોરણે ચાલી રહી છે. આવા જ અભિયાનના ભાગરૂપે, નવસારી મહાનગરપાલિકા દ્વારા માનનીય મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનહેઠળઅનેનવસારીમહાનગરપાલિકા ના કમિશનર શ્રી દેવ ચૌધરીના નેતૃત્વમાં નવસારીમાં નાગરિક સુવિધાઓના ઝડપી નિકાલ અને માર્ગ સંબંધી સમસ્યાઓના ઝડપી સમાધાન માટે મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે. ૮ જુલાઈ ૨૦૨૫ના રોજ "CCRS – Comprehensive Complaint Redressal System" અંતર્ગતખાસ કામગીરીનોઆરંભ કરવામાં આવ્યો હતો. જે મુજબ CCRS અંતર્ગત નાગરિકોને તેમની આસપાસની રસ્તાની ખામી કે ખાડા અંગે તાત્કાલિક ફરિયાદ નોંધાવવામાટે વોટ્સએપહેલ્પલાઈન નંબર (૮૭૯૯૨ ૨૩૦૪૬) જાહેર કરવામાં આવ્યો છે.નાગરિકો પોતાનુંલોકેશન સાથેનો ફોટો મોકલી શકે છે. આ વ્યવસ્થાના અમલ પછી, સરેરાશ રોજે ૮૦ જેટલી ફરિયાદો મળતી હોય છે. મહાનગરપાલિકા દ્વારા તેમાંના અંદાજે ૮૫% ફરિયાદોએજ દિવસે અને બાકીની ૨૪ કલાકની અંદર નિવારણ કરવામાંઆવીરહી છે. વરસાદ નહોય ત્યારે પેચ વર્કનાકામ (થોડાઅંશે ડામરતથા કોલ્ડ મિક્સથી) નિયમિતપણે હાથ ધરવામાંઆવી રહ્યાછે જેથીખાડાઓનો ઝડપીનિકાલ થાય અને જનતા સુરક્ષિતમુસાફરી કરીશકે. આ કામગીરી માટે વિશિષ્ટ મોબાઈલ ટીમ પણ ગઠિત કરવામાં આવીછે. જાહેર જનતાના વોટ્સએપ દ્વારા મળતા પ્રતિસાદને વધુ કાર્યક્ષમ બનાવવામાટે, ૯જુલાઈ ૨૦૨૫ ના રોજ NMC Connect એપમાં "Road Demand Request" નામની નવી ફીચર ઉમેરી છે. આ ફીચર દ્વારા નાગરિકો સરળતાથી તેમના વિસ્તારમાં રસ્તાનીજરૂરિયાત કેમાંગ નોંધાવીશકે છે. આ માહિતી સીધા CCRS પોર્ટલ સાથે સંકળાયેલહોવાથી, તાત્કાલિક સમીક્ષા કરી કામગીરી શરૂ કરી શકાય છે. નવસારી મહાનગરપાલિકાઆધુનિક ટેક્નોલોજીના સહારે રીસ્પોન્સ ટાઈમ ઘટાડવા તેમજ નાગરિકોની અસુવિધા દૂર કરવા સતત પ્રયાસશીલ છે.

માર્ગ સલામતી માટે જિલ્લાના વિવિધ પુલોનું માર્ગ અને મકાન વિભાગ ગાંધીનગરની વિશેષ ટીમ દ્વારા નિરીક્ષણ હાથ ધરાયું

ખાસ ઝુંબેશના ભાગરૂપે જિલ્લાના વિવિધ પુલોની ઝીણવટભરી સમીક્ષા કરી

કમલમ્,સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લામાં માર્ગ સલામતી સુનિશ્ચિત કરવાઅને ભવિષ્યમાંકોઈપણ અકસ્માત કે દુર્ઘટનાનેટાળવા માટે ગાંધીનગર માર્ગઅને મકાન વિભાગની ડિઝાઈન ટીમ દ્વારા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવીછે. આ ટીમ દ્વારા જિલ્લામાં આવેલા વિવિધ પુલો તથા સ્ટ્રક્ચરોની કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી. આ ટીમે સુરેન્દ્રનગર જિલ્લાના સુરેન્દ્રનગર -દુધરેજ-વણા-માલવણ-પાટડી- દસાડા -બેચરાજીરોડ (SH 19) પર આવેલાબજાણા મેજર બ્રિજ, પાટડી-બ્રિજ, વણા મેજર બ્રિજ, ફુલ્કી -પાટડી-ખારાઘોડા-ઓડું રોડ, લખતર-શિયાણી-લીંબડીરોડ પર તલવાણી બ્રિજની મુલાકાત કરવામાં આવી હતી. આ ટીમ દ્વારા પુલની સ્થિરતા, સપોર્ટિંગ સ્ટ્રક્ચર, પિયર્સ, ક્રેકચેકિંગ, જમીન ધોવાણ તથા પાણીની પસાર થતી જગ્યા (ક્લિઅરન્સ)નાઆધારે ફિઝિકલ ચકાસણી, પુલની મજબૂતાઈ, માળખાકીય મજબૂતી અને સુરક્ષા ધોરણોની ચકાસણી કરવામાં આવી રહીછે. મોન્સૂન દરમ્યાન અને બાદમાંઅકસ્માત ટાળવામાટે વિવિધ વિભાગો દ્વારા જવાબદારીપૂર્વક કામગીરી આગળ વધારવામાં આવી રહી છે. જેથી નાગરિકો માટે સુરક્ષિત, વ્યવસ્થિતઅને વિશ્વસનીય યાત્રાસુનિશ્ચિત કરીશકાય. આ કામગીરીમાં પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી કે.આર.ચૌહાણ, સેક્શન ઓફિસર શ્રી રવિરાજસિંહ જાળિયા, દેવાંગભાઈ જાદવ સહિતનાઉચ્ચ અધિકારીઓ પણ ગાંધીનગરની ટીમ સાથે જોડાયા હતા.

મોરબીમાં પાંજરાપોળ ખાતે વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઈ બેરાએ વૃક્ષારોપણ કર્યું

મોરબીમાં બનશે નમો વન; રાજ્ય સરકાર અને સદભાવના ટ્રસ્ટના સહયોગથી અંદાજિત ૩૫૦૦ વૃક્ષો વવાયા

ઉદ્યોગ નગરી મોરબીને વૃક્ષનગરી બનાવવા સૌ સહિયારા પ્રયાસો કરીએ કેબિનેટ મંત્રીશ્રી મુળુભાઈ બેરા

મહાનુભાવોના હસ્તે પર્યાવરણ ક્ષેત્રે પ્રેરણારૂપ કામગીરી કરનાર જિલ્લાના પર્યાવરણવીરોનું વિશેષ સન્માન કરાયું

કમલમ્,મોરબી,

મોરબીમાં રફાળેશ્વર નજીક પાંજરાપોળની ભૂમિ પર એક પેડ મા કે નામ ૨.૦ અભિયાન અંતર્ગત અંદાજિત ૩૫૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવાના ઉમદા ઉદ્દેશ્ય સાથે રાજ્યના વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુળભાઈ બેરાની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મંત્રીશ્રી સહિત મહાનુભાવો અને જિલ્લાવાસીઓ મળી અંદાજિત ૩૫૦૦ જેટલા લોકોએ વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ કેબિનેટ મંત્રીશ્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, સૌના સહિયારા પ્રયાસથી આ કાર્ય શક્ય બન્યું છે. મોરબી એક એવું સ્થળ છે જ્યાં નાના એવા ભૌગોલિક વિસ્તારમાં ૩ હજારથી વધુકારખાનાઓ આવેલાછે, જેથી આ જગ્યાએ વન અને વૃક્ષોની જરૂરિયાત સવિશેષ છે. ત્યારે વિશેષ પ્રમાણમાં વૃક્ષારોપણ કરી ઉદ્યોગનગરી મોરબી વૃક્ષનગરી બને તે માટે મહાનગરપાલિકા, નગરપાલિકાઓ, સરકાર, સંસ્થાઓ, ઉદ્યોગો તેમજ લોકો સાથે મળી સહિયારા પ્રયાસ કરે તે જરૂરી છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, મોરબીમાં વિશેષ પ્રમાણમાં વૃક્ષારોપણ સાથે મોરબી જિલ્લાવાસીઓને હરવા ફરવા માટેનું વિશેષ સ્થળ બને તે માટેના ધારાસભ્ય શ્રી કાંતિભાઈ અમૃતિયાના સંકલ્પને આજે આપણે સાકર કરવા જઈ રહ્યા છીએ. આ ભગીરથ કાર્યને સફળ બનાવવા માટે તેમણે કાર્યમાં સહભાગી સૌનો આભાર માન્યો હતો તથા અભિનંદન પણ પાઠવ્યા હતા. સાંસદશ્રી વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, એકસાથે ૩૫૦૦ વૃક્ષોનું વાવેતર કરી આપણે સૌ ગુજરાતમાં ઈતિહાસનું નિર્માણ કરવા જઈ રહ્યા છીએ. વડાપ્રધાનશ્રી નરેન્દ્રમોદીની પ્રેરણાથી પ્રકૃતિ સાથે આનંદ પ્રમોદ કરવા વિશેષ સ્થળનું મોરબીમાં નિર્માણ થવા જઈ રહ્યું છે જે ખૂબ આનંદની વાત છે. મોરબી-માળિયા ધારાસભ્ય શ્રી કાંતિભાઈ અમૃતિયાએ જણાવ્યું હતું કે, પાંજરાપોળ ખાતે ૧૧૦૦ વીઘા જમીન પર વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. આ સ્થળને પ્રવાસનના સ્થળ તરીકે વિકસાવવા આગામી પાંચ વર્ષમાં તબક્કાવાર વિવિધ આયોજનો હાથ ધરવામાં આવશે. વધુમાં મોરબી જિલ્લાનો એક પણ રોડ વૃક્ષવિનાનો નરહે તે માટે સૌને આહવાહન પણ કર્યું હતું. ગુજરાત રાજ્યના વન વિભાગના PCCF અને HOFF શ્રી એ.પી. સિંઘએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, ગત વર્ષે એક પેડ મા કે નામ અભિયાનમાં ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં બીજા ક્રમાંકે રહ્યું છે. વન વિભાગના જીવન G-2 મોડલ હેઠળ મોરબીમાંઆ પાંજરાપોળના વિસ્તારને સાંકળી લેવામાં આવશે અને ત્યાં લાંબા આયુષ્ય ધરાવતા દેશી વૃક્ષોનું વાવેતર કરતા આ વિસ્તાર વધુ રળિયામણો બનશે. આ પ્રસંગે મંત્રીશ્રી સહિત મહાનુભાવોએ બ્રાહ્મણશ્રીઓની ઉપસ્થિતિમાં શાસ્ત્રોક મંત્રોચ્ચાર સાથે વૃક્ષારોપણ કરી આ વિસ્તારને હરિયાળુ બનાવવાના કાર્યનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે પર્યાવરણ ક્ષેત્રે પ્રેરણારૂપ કામગીરી કરનાર જિલ્લાના પર્યાવરણવીરોનું સન્માન કરવામાં આવ્યું હતું. પાંજરાપોળના આ વિસ્તારમાં રાજ્ય સરકાર તથા સદભાવના ટ્રસ્ટના સહયોગથી આમળો, શીરસ, કરંજ, કણજી, ઉમરો, બોરસલી, કંચનાર, બિલ્લી, કટગુંદી, બેહડા, ખેર સહિત સ્થાનિક વૃક્ષો તેમજ વડ, પીપળો, લીમડો જેવા વૃક્ષો મળી ૪૦ થી ૫૦ પ્રજાતિના લાંબુ આયુષ્ય ધરાવતા ૫ થી ૬ ફૂટના દેશી વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોરબી જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી હંસાબેન પારેધી, રાજ્યસભાના સાંસદશ્રી કેસરીદેવસિંહજી ઝાલા, સુરેન્દ્રનગર સાંસદશ્રી ચંદુભાઈ સિહોરા, ટંકારા-પડધરી ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરીયા, પૂર્વમંત્રીશ્રી બ્રિજેશભાઈ મેરજા, ગુજરાતરાજ્ય સામાજિક વનીકરણ PCCF શ્રી આર.કે. સુગુર, મોરબી નાયબ વન સરક્ષકશ્રી સુનિલ બેરવાલ, સુરેન્દ્રનગર નાયબ વન સંરક્ષકશ્રી તુષાર પટેલ, અગ્રણીશ્રી પંકજભાઈ મોદી, મોરબી પાંજરાપોળના પ્રમુખશ્રી વેલજીભાઈ ઉઘરેજા, સદભાવના ટ્રસ્ટના અગ્રણીશ્રી વિજયભાઈ ડોબરીયા, સંત મહંત સવશ્રી કનકેશ્વરીદેવીજી, શ્રી ભાણદેવજી મહારાજ, શ્રી અમરગીરી બાપુ, જિલ્લાના આગેવાનશ્રીઓ તેમજ વિવિધ સામાજિક સંસ્થાઓના કાર્યકરો, વિવિધ ધાર્મિક સંસ્થાઓના કાર્યકરો, વિદ્યાર્થીઓ, વન વિભાગના કર્મચારીઓ બહોળી સંખ્યામાં આ વૃક્ષારોપણ કાર્યમાં જોડાયા હતા.

કમલમ્,

રાજ્ય સરકારે રાજ્યના તમામ પુલોની સલામતી ધ્યાને લેતા જાહેર હિતમાં તેની પુનઃ તાત્કાલિક ધોરણે સઘન ચકાસણી કરવાના આપેલા આદેશના અનુસંધાને મહુવા તાલુકાના વલવાડા ગામ નજીક ઓલણ નદી ઉપર આવેલા જૂના પુલનું માર્ગ અને મકાન વિભાગ-૨, સુરતના કાર્યપાલક ઈજનેરશ્રીની આગેવાની હેઠળ ચકાસણી અને સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. પુલની વર્તમાન સ્થિતિ અને ક્ષમતા, આરસીસી માળખું, સ્પાનની જોગવાઈ તથા સુરક્ષાની દ્રષ્ટિએ જરૂરી સુધારાઓ અંગે તત્કાલ તપાસ કરી જરૂરી પગલાં લેવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આલેખન વર્તુળના મદદનીશ ઈજનેરશ્રી, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી (મા.ટ મા.), પેટા વિભાગ બારડોલી અને નિયુક્ત કન્સલ્ટન્ટ ઈન્સ્પેકશનમાં જોડાયા હતા.

સુરત સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે સુરત શહેર પ્રમુખ પરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે કાર્યક્રમ યોજાયો

કમલમ્,

ગુજરાતના રાજ્યના મુખ્ય મંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબ અને ભારતીય જનતા પાર્ટી સુરત મહાનગર અધ્યક્ષશ્રી પરેશભાઈ પટેલ સાહેબના જન્મદિવસ નિમિત્તે સુરત મહાનગર વોર્ડ નંબર ૮ દ્વારા કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમ સુરત ગુરુકુળ ખાતે રાખવામાં આવ્યો હતો, સ્વામિનારાયણ ગુરુકુળના સંતોદ્વારા ખૂબ જ ભવ્યથી પરેશભાઈ પટેલનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું સાથે ગુરુકુળના સ્વામી શ્રી પ્રભુચરણ સ્વામીજી દ્વારા પાઘ પહેરાવીને સન્માનિત કરવામા આવ્યા અને પરેશભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને તુલસીના છોડ અને ગંગા સ્વરુપા બહેનોને વિશેષ કીટ વિતરણ કરવામા આવી. આ પ્રસંગે સૂરત મહાનગર મહામંત્રીશ્રી કાળુભાઈ ભીમનાથ, પ્રભારીશ્રી રમેશભાઈ ઉકાણી, ઉધોગપતિ રાકેશભાઈ દુધાત વોર્ડના કોર્પોરેટરશ્રીઓ, વોર્ડ પ્રમુખશ્રી મનોજભાઈ ખેર, મહામંત્રી નિકુંજભાઈ ટાંક, ઉપપ્રમુખ પરેશભાઈ વઘાસીયા તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા.

સુરત ખાતે વિવિધ સંઘોમાં આચાર્ય ભગવંતોના ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે વંદન કરીને આશીર્વાદ પ્રાપ્ત કરતા ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી



કમલમ્,સુરત

સુરત ખાતે વિવિધ સંઘોમાં ચાતુર્માસ પ્રવેશ કરનાર આચાર્ય ભગવંતોની મુલાકાત લઈને ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ આચાર્ય ભગવંતોને ભાવપૂર્વક વંદન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. મંત્રીશ્રીએ સુરતમાં શ્રી રાંદેર રોડ જૈન સંઘ ખાતે ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય શ્રી લલિતપ્રસૂરિશ્વરજી મ.સા. અને પાલના ૐકારસૂરિ આરાધના ભવન ખાતે પ.પૂ.આચાર્ય શ્રી યશોવિજયસૂરીશ્વરજી મ.સા., શ્રી રામવિહાર જૈન સંઘમાં પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી શીલરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ અને ૐકારસૂરી આરાધના ભવન ખાતે પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી ભાગ્યેશવિજય સૂરીશ્વરજી મહારાજ સાહેબ, શ્રી મહાવિદેહ ધામમાં પ.પૂ.આ.ભ.શ્રી વરબોધિસૂરીશ્વરજી મ.સા., શ્રી શાંતિનાથ જૈન સંઘ ખાતે પ.પૂ.આ.ભ.શ્રી કુલચંદ્રસૂરીશ્વરજી મ.સા., શ્રી અઠવાલાઈન્સ જૈન સંઘ ખાતે ગચ્છાધિપતિ પૂ.આ. શ્રી અભય દેવસૂરીશ્વરજી મ.સા., વેસુમાં શ્રી લબ્ધિ-વિક્રમ જૈન સંઘમાં પરમપૂજય આચાર્ય ભગવંત શ્રી અજિતયશસૂરીશ્વરજી મહારાજ સાહેબના ચાતુર્માસપ્રવેશ પ્રસંગે ઉપસ્થિત રહીને પૂજ્ય મહારાજ સાહેબને અનન્ય ભાવ અને શ્રદ્ધાપૂર્વક વંદન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. તેઓની પાવન વાણીનું શ્રવણ કરીને ધન્યતા અનુભવી હતી. આચાર્ય ભગવંતોના કલ્યાણકારી ચાતુર્માસ પ્રવેશને વધાવવાનો સર્વ સંઘોને અનેરો આનંદ છે, ત્યારે ચાતુર્માસદરમિયાન આચાર્ય ભગવંતો સાધના, પ્રવચન અને ધર્મોપદેશથી શ્રાવકોને તરબોળ કરશે.

સમસ્ત પાટીદાર સમાજ ગાંધીનગર દ્વારા આયોજિત વિદેશ કારકિર્દી માર્ગદર્શન સેમિનાર

કમલમ્,

ગાંધીનગર - તારીખ ૧૨/૦૭/૨૦૨૫, શનિવારના રોજ સમસ્ત પાટીદાર સમાજ ગાંધીનગર દ્વારા આયોજિત 'વિદેશ કારકિર્દી માર્ગદર્શન સેમિનાર' શ્રી ઉમિયા માતાજી સંસ્થાન હોલ, સે. ૧૨, ગાંધીનગર ખાતે યશસ્વી રીતે યોજાયો હતો. આ કાર્યક્રમના નિમંત્રક શ્રી મહેન્દ્રભાઈ પટેલ (દાસ) – ચેરમેનશ્રી, ગાંધીનગર નાગરિક સહકારી બેંક દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. તેમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ અને વાલીઓને વિદેશ અભ્યાસ તેમજ PR (પર્માનેન્ટ રેસિડન્સી) અંગે જાગૃત કરવાનો હતો, જેથી તેઓ યોગ્ય માર્ગદર્શન મેળવી શકે અને પોતાનું ભવિષ્ય વિદેશમાં વધુ સારી રીતે ઘડી શકે. વિશેષ ઉપસ્થિતિ માટે શ્રીમતી રીટાબેન પટેલ (ધારાસભ્યશ્રી) તથા શ્રીમતી મીરાબેન પટેલ (મેયરશ્રી, ગાંધીનગરમ્યુનિસિપલ કોર્પોરેશન) નો તેમજ સમસ્ત પાટીદાર સમાજ ગાંધીનગરના આગેવાનોનો હૃદયપૂર્વક આભારમાનવામાં આવે છે. વિદેશ અભ્યાસ અંગે માર્ગદર્શન આપવા માટે શ્રી કલ્પેશભાઈ બ્રહ્મભટ્ટ, ડિરેક્ટર-સ્ટોર્મએયુગો. ગાંધીનગરે વિદ્યાર્થીઓ અને વાલીઓને ઉપયોગી માહિતી આપી. તેમણે IELTS, PTE, TOEFL જેવા ભાષા પરીક્ષાઓ વિશે જાગૃત કર્યા તથા ઓસ્ટ્રેલિયા, કેનેડા, યુ.એસ.એ., યુકે, ન્યુઝીલેન્ડ સહિતના દેશોમાં ટોપની યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવવા માટેની પ્રક્રિયા અંગે વિસ્તૃત સમજણ આપી. આ કાર્યક્રમમાં ૧૨૦૦ કરતા વધુ વિદ્યાર્થીઓ અને વાલીઓની ઉમદા હાજરી રહી હતી. કાર્યક્રમનું લાઈવ કવરેજ સ્ટોર્મએયુગોના યુટ્યુબ ચેનલ પર પણ ઉપલબ્ધ છે. આ કાર્યક્રમને ખુબ સફળ બનાવવા માટે શ્રી ભરતભાઈ પટેલ- પૂર્વ પ્રમુખશ્રી, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગર નો પણ આભાર. શ્રી મહેન્દ્રભાઈ પટેલ (દાસ) દ્વારા આવા માહિતીપ્રદ કાર્યક્રમો યોજીને સમાજના યુવાનોને આંતરરાષ્ટ્રીય સ્તરે આગળ વધવા માટે પ્રેરણા અને માર્ગદર્શન મળે એહેતુ સેવાયો છે.

ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ સુરત સર્કિટ હાઉસ ખાતે ૧૫૬ જેટલા અરજદારોને ધ્યાનપૂર્વક સાંભળીને તેમના પ્રશ્નોના નિરાકરણ માટે જરૂરી સૂચનાઓ આપી

મંત્રીશ્રીએ સ્થળ પર જ સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી અને શક્ય હોય ત્યાં તાત્કાલિક નિરાકરણ લાવવા માટેના આદેશો કર્યા

કમલમ્,સુરત

ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આજે સુરત સર્કિટ હાઉસ ખાતે નાગરિકો સાથે જન સંપર્ક કાર્યક્રમ યોજી ૧૫૬ જેટલા અરજદારોની રજૂઆતો સાંભળી હતી અને તેમના પ્રશ્નોના સુખદ નિરાકરણ માટે જરૂરી સૂચનાઓ આપી હતી. શ્રી સંઘવીએ બપોરે સુરત સર્કિટ હાઉસ ખાતે પહોંચીને નાગરિકોને રૂબરૂ મળ્યા હતા. આ જન સંપર્ક કાર્યક્રમમાં સુરતના વિવિધ વિસ્તારોમાંથી આવેલા લોકોએ પોતાની સમસ્યાઓ અને રજૂઆતો રજૂ કરી હતી. આ રજૂઆતોમાં સ્થાનિક પ્રશાસન સંબંધિત મુદ્દાઓ, કાયદો અને વ્યવસ્થા, વિકાસ કાર્યો, અને વ્યક્તિગત સમસ્યાઓ સહિતના વિવિધ વિષયોનો સમાવેશ થતો હતો. મંત્રીશ્રીએ દરેક અરજદારને ધ્યાનપૂર્વક સાંભળ્યા હતા અને તેમની સમસ્યાઓને સમજવાનો પ્રયાસ કર્યો હતો.

તેમણે સ્થળપર જ સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી અને શક્ય હોય ત્યાં તાત્કાલિક નિરાકરણ લાવવા માટેના આદેશો કર્યા હતા. આ પ્રયાસના ભાગરૂપે ૧૫૬ જેટલા અરજદારોના પ્રશ્નોનું સુખદ નિરાકરણ લાવવા જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી, જેનાથી નાગરિકોમાં સંતોષની લાગણી જોવા મળી હતી. ગૃહ રાજ્યમંત્રી દ્વારા નિયમિત પણે આવા જનસંપર્ક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, જે પ્રશાસનને લોકોની નજીક લાવવા અને તેમની સમસ્યાઓનું ઝડપી નિરાકરણ લાવવામાં મદદરૂપ થાય છે. સુરત ખાતેના આજના કાર્યક્રમમાં પણ મંત્રીશ્રીની કાર્યદક્ષતા અને સંવેદનશીલતા સ્પષ્ટપણે જોવા મળી હતી.